# રાજયભરમાં ગરમીનો હાહાકાર

## અમદાવાદ, ડીસા, ગાંધીનગરમાં પારો સત્તાવાર ૪૮ નોંધાયા બાદ લોકોમાં તાપમાન ૫૦થી ઉપર હોવાની ચર્ચા : દાઝી જવાય તેટલી ગરમીનો અનુભવ






(તસવીર : દિપક જાની)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં અને રાજ્યમાં તીવ્ર હિટવેવનું મોજુ પ્રવર્તી રહ્યું છે. આ સ્થિતિ આગામી દિવસોમાં પણ જારી રહે તેવી શક્યતા છે. પારો ૪૭ અને ૪૮ની વચ્ચે નોંધાઈ રહ્યો છે. બપોરના ગાળામાં પારો ૫૦ સુધી પહોંચ્યો હોવાના અહેવાલ પણ મળ્યા હતા. લોકોએ અભૂતપૂર્વ ગરમીનો અનુભવ કર્યો હતો. હિટવેવની ચેતવણી આગામી ત્રણ દિવસ સુધી જારી રહે તેમ માનવામાં આવે છે. આજે અમદાવાદ ઉપરાંત રાજ્યના જે ભાગોમાં પારો ૪૮થી ઉપર રહ્યો હતો તેમાં ડિસા, ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૮ ડિગ્રી અને ડિસામાં મહત્તમ તાપમાન ૪૮ ડિગ્રી રહ્યું હતું.

ગરમીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. હિટવેવથી બચવા માટે તમામ રસ્તા લોકો દ્વારા કરવામાં આવી રહ્યા છે પરંતુ કોઈ રાહત મળી રહી નથી. તીવ્ર ગરમીના કારણે રોગચાળાના કેસોમાં પણ વધારો થયો છે. આજે ગરમીના કારણે માત્ર અમદાવાદમાં નવ કેસો નોંધાયા હતા અને એકનું મોત થયું હતું. વેજલપુરના ૬૦ વર્ષીય એક વ્યક્તિનું મોત થયું હતું. મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા હોસ્પિટલોમાંથી હિટસ્ટ્રોક અંગેની માહિતી મેળવવામાં આવી રહી છે. આજે કંડલા એરપોર્ટ ખાતે પણ પારો ૪૭ ઉપર રહ્યો હતો. રાજ્યભરમાં હિટવેવના કારણે રેડએલર્ટની જાહેરાત કરવામાં આવેલી છે. ૪૫ ડિગ્રીથી ઉપર તાપમાન હોવાની સ્થિતિ રેડએલર્ટ જાહેર કરવામાં આવે છે. ભીષણ ગરમીના કારણે અમદાવાદ સહિત રાજ્યભરમાં ભીષણ ગરમીથી લોકો હવે મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ગરમીના કારણે હિટસ્ટ્રોકના કેસોમાં પણ ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી હિટવેવની ચેતવણી યથાવત રાખી છે. બપોરના ગાળામાં રસ્તા સુમસામ બની રહ્યા છે. ગરમીથી બચવા માટે તંત્ર દ્વારા પણ જરૂરી આદેશો જારી કરાયા છે જે પૈકી વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા કહેવામાં આવ્યું છે. જ્યારે લાંબા સમય સુધી તડકામાં ન રહેવા, સુતરાઉ કપડા પહેરવા, ઠંડકવાળા સ્થળો ઉપર સમયાંતરે આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. બીજી બાજુ નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા મહિલાઓની કાળજી લેવા માટે કહેવામાં આવ્યું છે. હિટસ્ટ્રોકના લક્ષણો દેખાય તો તરત જ તબીબોનો સંપર્ક કરવા પણ સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક્શન પ્લાન અમલમાં મુકાયો છે. હિટ એક્શન પ્લાન હેઠળ જુદા જુદા વિસ્તારોમાં વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લખો... યુદ્ધનાં ધોરણે આ આપદા સામે લડાઈ લડીશું... ચડ્ડી હોય તેવા દોડવીરોને પર્યાવરણ માટે દોડાવીશું... ન હોય તેવા નૃત્ય કરશે... ચિત્રકારો ચિત્ર દોરશે... મહિલા કેન્ડલ માર્ચ કરશે... અને બુદ્ધિશાળી વર્ગને જોવા આમંત્રણ આપીશું...!!

# અમદાવાદમાં હીટસ્ટ્રોકના વધુ ૯ કેસ : એકનું મોત

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરમાં છેલ્લા દસવર્ષમાં ન નોંધાયેલું એવું ઉચ્ચતમ તાપમાન નોંધાવાની સાથે જ શહેરમાં હીટસ્ટ્રોક એટલે કે લૂ લાગવાના બનાવોમાં પણ સતત વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે.આજે અમદાવાદ શહેરમાં હીટસ્ટ્રોકના વધુ નવ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.જેમાં વેજલપુરના એક દર્દીનું મોત થવા પામ્યું છે.આ અંગેની વિગત એવી છે કે,સમગ્ર રાજ્યની સાથે અમદાવાદ શહેરમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી કાળજાળ ગરમીની વચ્ચે અગનગોળા વરસતા હોય એવી અનૂભુતિ શહેરીજનો કરી રહ્યા છે.અમદાવાદમાં સવારે નવ કલાકથી જ તાપમાનનો પારો સતત ઉપરની તરફ જતો હોવાનું અનુભવાયું છે.જેના પરિણામે અમદાવાદ શહેરમાં વિવિધ વેબસાઈટના તારણો મુજબ તાપમાન ૫૦ ડીગ્રી સેલ્સિયસ ઉપર પહોંચી જવા પામ્યું છે.જો કે હવામાન વિભાગ દ્વારા તો શહેરનું મહત્તમ તાપમાન ૪૭ ડીગ્રી સેલ્સિયસ હોવાનો રાગ આલપવામાં આવી રહ્યો છે.

શહેરમાં જે પ્રમાણેની પરિસ્થિતિ અનુભવાઈ રહી છે તેને કારણે દિવસ દરમિયાન અને રાત્રિના સમયે પણ ગરમ લૂ સાથેના પવનો શહેરીજનોને અકળાવી નાંખે છે.શહેરમાં આજે લૂ લાગવાના વધુ નવ જેટલા કેસ નોંધાયા છે.ઉપરાંત વેજલપુર વિસ્તારના વી.એસ.હોસ્પિટલમાં ૧૪મી મેના રોજ દાખલ કરવામાં આવેલા એક ૬૦ વર્ષના પુરૂષનું આજે સારવાર દરમિયાન મોત થવા પામ્યું છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થવિભાગે હવામાન વિભાગના સહકારથી મળેલી વિગતો મુજબ ફરી એક વખત શહેર માટે રેડએલર્ટ આગામી પાંચ દિવસ માટે જારી કર્યુંછે.અને લોકોને જરૂરી કામ સિવાય બહાર ન નીકળવા પણ સલાહ આપવામાં આવી છે.અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં હીટસ્ટ્રોકના કુલ મળીને ૨૭ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આ ઉપરાંત શહેર બહારના પાંચ કેસ મળી કુલ ૩૨ જેટલા દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. દરમિયાન અમદાવાદ શહેરમાં અત્યારસુધી સારવાર દરમિયાન કુલ ત્રણ લોકોના મોત થવા પામ્યા છે.જેમાં ધંધુકાના પુરૂષ ઉપરાંત સુરતના ૪૭ વર્ષના મહિલા અને અમદાવાદના વેજલપુરના ૬૦ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીઓની આજે સમીક્ષા બેઠક મળશે.

● ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે આજે વધુ એક લિકેજીસ મળ્યુ છે પણ પરિસ્થિતિ સંપૂર્ણ સામાન્ય થઈ ગયાનો દાવો આરોગ્ય તંત્ર કરી રહ્યું છે.

● ગાંધીનગર જિલ્લાના અધિક કલેક્ટર કાલરિયા રજા પર જતાં તેમનો હવાલો અંતાણીને સોંપાયો છે.

● ગાંધીનગર શહેરના લગભગ તમામ સેક્ટરોમાં વીજ પુરવઠામાં સતત વધ જોવા મળી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના એક-બે કોંગ્રેસી આગેવાનો દિલ્હી આગામી સપ્તાહે જઈ રહ્યાની વાતોએ રાજકીય ચર્ચા જગાવી છે.

● વાવોલમાં આજે બપોરના સમયે વીજપુરવઠો ખોટવાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગર-અમદાવાદમાં ગરમીના પ્રકોપને લઈ આ બે શહેરો વચ્ચે ચાલતી સીટી બસો ખાલીખમ ફરી રહી છે.

● ગાંધીનગર સિવિલમાં આજે મહિલાની છેડતીનો મામલે મહિલાએ એક ભાઈની ભારે ધોલાઈ કરી હોવાની વાતોએ ભારે ચર્ચા જગાવી છે.

# આકરી ગરમીની વૃધ્ધો બાળકોને સૌથી વધુ અસર

## અંગ દઝાડતી ગરમીથી લુ લાગવાના બનાવો વધ્યા : વસાહતીઓને ઘરની બહાર ન નીકળવા સલાહ

ગાંધીનગર, તા.૧૯

આ વર્ષે પડી રહેલી રેકોર્ડ બ્રેક ગરમીની સૌથી વધુ અસર વડીલો અને બાળકોને થઈ રહી છે. ૪૭-૪૮ ડિગ્રી ગરમી સહન ન કરી શકતા ઘણા વયોવૃધ્ધ વડીલોનું આ બે ત્રણ દિવસોમાં અવસાન થયું હોય તેવા બનાવો પણ નોંધાયા છે.

ગરમીએ આ વર્ષે એક સદીના રેકોર્ડ તોડી નાંખ્યા છે. મહત્તમ તાપમાન ૪૭-૪૮ ડિગ્રી જેટલું ઉંચું નોંધાઈ રહ્યું છે. આગામી અઠવાડિયામાં પણ રેકોર્ડ બ્રેક ગરમી પડવાની આગાહી હવામાન વિભાગ સહિત વિવિધ એજન્સીઓએ કરી છે. રેકોર્ડ બ્રેક ગરમીથી વડીલો અને બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત બન્યા છે. આગ ઓકતી ગરમીથી વડીલો, બાળકો અને મહિલાઓને બચવાની સલાહ આપવામાં આવે છે. દિવસ દરમિયાન વડીલો અને બાળકોએ ઘરમાં જ રહેવું જોઈએ. બાળકો ઘરની બહાર રમવા ન જાય તે જરૂરી છે. વડીલોને સુતરાઉ કાપડના કપડાં પહેરાવવા જોઈએ અને તેમની આસપાસ ઠંડક ભર્યું વાતાવરણ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. શકય હોય તો કુલર કે એસીવાળા રૂમમાં તેઓને રાખવા જોઈએ. ગરમ પવન જરાય ન લાગે તેનું ધ્યાન રાખવું જોઈએ. વડીલો જો ચકકરની કે અન્ય કોઈ શારિરીક તકલીફની ફરિયાદ કરે તો તુરંત જ ડોકટરની સલાહ લેવી જોઈએ.

છેલ્લા ત્રણ ચાર દિવસથી પડી રહેલી આકરી ગરમીના કારણે શહેરમાં ઘણા વડીલો પરલોક સીધાવી ગયા છે. તેઓને આકરી ગરમીથી બચાવવા આવશ્યક છે.

# અમદાવાદમાં ગરમી પારો શુક્રવારે પણ ૪૭ રહેશે

અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં આગામી પાંચ દિવસ દરમિયાન ક્રમશઃ આંશિક રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. આજે અમદાવાદમાં પારો ૪૮થી ઉપર રહ્યો હતો પરંતુ આગામી પાંચ દિવસ દરમિયાન ક્રમશઃ તાપમાન ઘટી શકે છે. આવતીકાલે અમદાવાદ શહેરમાં પારો ૪૭ ડિગ્રી રહેવાની શક્યતા દેખાઈ રહી છે. અત્યાર સુધીમાં હિટસ્ટ્રોકની અસરથી હોસ્પિટલમાં ૩૨ દર્દીઓ દાખલ થયેલા છે.

૨૪મી તારીખે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી શક્યતા છે અને પારો ઘટીને ૪૧ સુધી નીચે આવી શકે છે. અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર, નેચરલ રિસોર્સ ડિફેન્સ કાઉન્સિલ, અમેરિકા અને આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હિટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે જેના અનુસંધાને આઈએમડી અમદાવાદ દ્વારા આવનારા પાંચ દિવસોમાં શહેરમાં કેટલું તાપમાન રહેનાર છે તે અંગેનું અનુમાન કોર્પોરેશનને મોકલવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ તીવ્ર ગરમીથી બચવા માટે લોકો માટે કેટલાક પગલા લીધા છે. હિટ એક્શન પ્લાન પણ અમલી છે જેના ભાગરુપે કેટલાક વિસ્તારોમાં પાણીની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. હજુ ઘણા પગલા લેવાય તેવી વકી છે.



પાણીમાં ઠંડક : કાળઝાળ ગરમીમાં અબોલ પશુઓ તળાવમાં કે નદી - નાળામાં દિવસ પસાર કરે છે. આકરા તાપથી રક્ષણ મેળવવા ગાયો, ભેંસો અને બળદ જેવા પાલતું પક્ષુઓ પણ પાણીના ખાબોચીયા કે તળાવમાં પડ્યા રહીને ગરમીથી રાહત મેળવે છે.

# ગરમીનો ભોગ બનતા પહેલા જ સાવધાન રહો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ગરમીનો પારો દિવસે ને દિવસે નવા વિક્રમો પ્રસ્થાપિત કરતો જાય છે. અને તેના કારણે શહેરીજનોએ અંગ દઝાડતા સૂર્યપ્રકોપમાં વિવિધ તકલીફો જેવી કે લૂ લાગવી, ડીહાઈડ્રેશન થવુ જેવી પરિસ્થિતિઓના ભોગ બની રહ્યાં છે. નગરજનોએ આકાશથી વરસતા અગનગોળા સમી ગરમીમાં કેટલાક સાવચેતીઓ રાખવાની જરૂર છે.

અસહ્ય ગરમીના પ્રકોપથી બચવા નાગરિકોએ રાખવા જેવી સાવધાનીઓમાં ખાસ તો તડકામાં બહાર નીકળવાનું ટાળવુ જોઈએ તે મુખ્ય છે. આ અંગે દઝાડતી ગરમીમાં સુતરાઉ કાપડ અને તે પણ આખી બાંયના હોય તેવો આગ્રહ રાખવો જોઈએ. ઉનાળામાં ડીહાઈડ્રેશનથી વારંવાર પ્રવાહી પુરતા પ્રમાણમાં અને સતત લેતા રહેવું જોઈએ. શક્ય હોય તેટલા વધુ પ્રમાણમાં પાણી પીવુ જોઈએ અથવા લીંબુ પાણી કે ઓઆરએસ અથવા છાશ-જ્યુસ વગેરે પણ લઈ શકાય. લૂ ના લાગી જાય તે માટે માથે ભીનો રૂમાલ કે કપડુ રાખવુ તથા ઉઘાડા શરીરે ના ફરવુ જોઈએ. વળી, ગરમીમાં ઉપવાસ કરવાનું પણ ટાળવુ જોઈએ. પંખા, એરકુલર કે એસીનો ઉપયોગ કરવા સાથે બપોરના તડકાથી બચતા રહેવુ જોઈએ. નાના બાળકો, સગર્ભાઓ, તથા વૃદ્ધો વગેરેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો ગરમીમાં બિમારીના લક્ષણો જણાય જેવા કે તાવ આવવો, ગરમ અને સુકી ત્વચા, નાડીના ધબકારા વધવા, ઝાડા ઉલ્ટી, માથાનો દુઃખાવો, ચક્કર આવવા, બેભાન થવા જેવી પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક નજીકના ડૉક્ટર કે ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક સાધવો જોઈએ અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જવુ જોઈએ.

## લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબહેન ભીલને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબહેન ભીલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ દિવાળીબહેનને શોકાંજલી પાઠવતાં જણાવ્યું કે ગુજરાતી લોકસંગીત અને સાહસ-શૌર્યગાથા-ભજનો-લોકગીતોને પોતાના કંઠના કામણથી ઘરે-ઘરે ગુંજતા કરનારા દિવાળીબહેનની વિદાયથી એક વરિષ્ઠ, પરિપકવ લોકગાયિકાની ખોટ ગુજરાતી સંગીત જગતને પડી છે.

## આજે શહેર કોંગ્રેસ દ્વારા રાજીવ ગાંધીની પુણ્યતિથિએ છાશ વિતરણ કરશે

દિવંગત વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. શ્રી રાજીવ ગાંધીની ૨૫મી પૂણ્યતિથિએ સમગ્ર રાજ્યમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજ્યમાં અનેકવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના ઉપક્રમે તા. ૨૧મી મે ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પથિકાશ્રમ સર્કલ(ઘ-૩) ખાતે છાસ વિતણ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ, પ્રદેશના હોદ્દેદારો, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યો-ચેરમેનો, નગરપાલિકાના કાઉન્સીલરો, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, એન.એસ.યુ.આઈ, તેમજ વિવિધ સેલ-ડીપાર્ટમેન્ટના વડાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વિમિંગ સિલેક્શન ટ્રાયલ-૨૦૧૬

૩૩મી સબ-જુનિયર અને ૪૩મી જુનીયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૧૬, તા. ૪ અને ૫ જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાનાર છે. આ માટે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટની સિલેક્શન ટ્રાયલ ૨૯મી મે ને રવિવારના રોજ સવારે ૮.૦૦ વાગ્યાથી કરાઈ પોલીસ એકેડેમી સ્વીમીંગ પુલ, કરાઈ ખાતે આયોજીત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગલેવા ઈચ્છતા સ્પર્ધકોએતા. ૨૬ મેપહેલા ફોર્મભરી રાકેશભાઈ ભટ્ટ મો. નં. ૯૮૭૯૫૩૧૯૪૪ જીમખાના સ્વીમિંગ પૂલ, સે. ૧૯ અથવા દિક્ષિત સકસેના મો. નં. ૯૪૨૮૦૮૯૩૪૬ ઈન્ફોસિટી ક્લબ સ્વીમિંગ પૂલ, ઈન્ફોસિટી ખાતે જમા કરાવવાના રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેવી. આ ઉપરાંત સ્પર્ધા અંગેની અન્ય માહિતી માટે સેક્રેટરી ગુરુબક્ષસીંગ આનંદ મો. નં. ૯૭૨૪૧૭૮૩૫૬નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## રાજયમાં આગામી ૨૮-૨૯ મે દરમિયાન ગીધ વસતી મોજણી યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

વન્ય જીવોના જતન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગીધોના સંવર્ધન અને સંરક્ષણ કાર્યને મદદ મળે તે માટે રાજમયાં વર્ષ ૨૦૦૫થી સમયાંતરે ગીધની વસતી મોજણી રાજ્યના વન વિભાગ, ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ(ગીર) ફાઉન્ડેશન, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પક્ષીવિદોના સામૂહિક પ્રયાસોથી યોજવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે ૨૦૧૬માં આગામી તા. ૨૮ અને ૨૯ મે દરમિયાન રાજ્યમાં ગીધ વસતી મોજણી-૨૦૧૬ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ગીધ વસતી મોજણીમાં રાજ્યના નાગરિકો સહયોગ આપે તેવો વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ગીધ વસતી મોજણીમાં રાજ્યમાં જોવા મળતી ગીધની ૪ જાતિઓ જેવી કે (૧) વ્હાઈટ રમ્પ્ડ વલ્ચર (સફેદ પીઠ ગીધ) (૨) લોન્ગ બિલ્ડ વલ્ચર (ગિરનારી ગીધ) (૩) રેડ હેડેડ વલ્ચર (રાજગીધ) તેમજ (૪) ઈજીપ્શિયન વલ્ચર (ખેરો)નું અસ્તિત્વ વિશ્વકક્ષાએ ભયમાં કે ભયના આરે છે. આથી આ મોજણીમાં મદદના હેતુથી જો કોઈ નાગરિકને આ ચાર ગીધ પૈકી કોઈપણ પ્રજાતિના ગીધ તા. ૨૮ અને ૨૯મે ના રોજ જોવા મળે તો તે અંગેની ટુંકી માહિતી જેવી કે ગીધની જાતિનું નામ, ગીધની કુલ સંખ્યા (બચ્ચાઓ સહિત) સ્થળ, ગામ, તાલુકો, જિલ્લો તેમજ અન્ય મહત્વની માહિતી હોય તો નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા નેચર પાર્ક, પો.ઓ. સે. ૭, ગાંધીનગર-૩૮૨ ૦૦૭ને પત્ર દ્વારા, ૦૭૯-૨૩૯૭૭૩૨૬ ફોન ઉપર, ૯૫૮૬૫૫૮૩૦૩ મોબાઈલ ઉપર એસએમએસથી, udayvora 1957@gmall.com ઉપર મોકલી આપવા અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્યજીવ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## ગુજકેટના ગુણપત્રક ૨૧મીએ અપાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના જણાવ્યા મુજબ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪ માર્ચ ૨૦૧૬ અને ગુજકેટ ૨૦૧૬ના ગુણપત્રક/પ્રમાણપત્ર વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ તા. ૨૧ મે શનિવારના રોજ ૧૧.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી મેળવી લેવાના રહેશે. ગુજકેટ ૨૦૧૬ની પરીક્ષાના ગુણપત્રક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, બોર્ડના વિદ્યાર્થીઓના સિવાયના વિદ્યાર્થીઓને ટપાવ દ્વારા મોકલી આપવામાં આવશે તેની વાલી/વિદ્યાર્થીઓએ નોંધ લેવા જણાવાયું છે.

## વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની દિવાળીબેન ભીલને અંજલિ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતી લોકગીતકાર દિવાળીબેન ભીલના થયેલ દુઃખદ અવસાન પ્રસંગે શ્રદ્ધાંજલિ પાઠવતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાતી લોકગીતોને દેશ અને દુનિયામાં ઓળખ અપાવનાર એવા કોકીલકંઠી, ગુજરાતનું ગૌરવ અને પદ્મશ્રી એવા દિવાળીબેન ભીલના અવસાનથી ગુજરાતે એક લોકગાયિકા ગુમાવ્યા છે તેનું દુઃખ છે.

કુદરતના ક્રમ પ્રમણે જગતમાં જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત જ હોય છે. પરંતુ માણસ કેટલું જીવ્યો તેના કરતા કેવું જીવ્યો અને લોકમાનસમાં કેવું સ્થાન મેળવ્યું તે અગત્યનું છે. દિવાળીબેન ભીલના અવસાનથી ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓના અવસાનથી પરિવારજનો પર અચાનક આવી પડેલ આ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

## આનંદીબહેન પટેલે તલાલાના વિજયને વધાવે છે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત વિધાનસભાની તાલાલા બેઠકની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાટીના ઉમેદવાર શ્રી ગોવિંદભાઈ પરમારના વિજય માટે મતવિસ્તારના સૌ મતદારોનો આભાર વ્યકત કર્યો છે. શ્રીમતી આનંદીબહેને આ બેઠક પરથી વિજયને વરેલા શ્રી ગોવિંદભાઈ પરમારને અભિનંદન પાઠવ્યા છે.